# ઋણસ્વીકાર

૨૦૦૦ની સાલમાં ગોંડલથી મુંબઈ આવ્યો એ પહેલાં દીપકભાઈ ગોંડલ આવતા ત્યારે ખુબ બધી વાતો થતી. વાર્તા, નવલકથા, કવિતા, અધ્યાત્મ અને એ સિવાય બીજા અનેક વિષયો પર ચર્ચા થતી. મુંબઈ આવ્યા પછી મૂંઝવણ એ હતી કે શું કરીશ? ભારતીય વિદ્યા ભવન ખાતે 'નવનીત સમર્પણ'ની ઓફીસે દીપકભાઈ સાથે બેઠો હતો ત્યાં એમણે કહ્યું કે "અધ્યાત્મ વિશે એક પાનાંમાં સમાય એવો પ્રસંગ લખી આપો." મેં કબીર વિશે એક પ્રસંગ લખી આપ્યો. બીજા મહિને તેમણે 'નવનીત સમર્પણ'ના પહેલા પાને 'મરમ ગહેરા' શીર્ષક હેઠળ છાપ્યો અને કહ્યું કે બીજો લેખ આપો એટલે આવતા મહીનાનું મેટર થઈ જાય એટલે મેં કહ્યું કે હું નિયમિત નહીં લખું તો કહે "વાંધો નહીં, હું પહેલું પાનું કોરું રાખીશ" અને પરાણે મેં લખવાનું શરૂ કર્યું અને 'મરમ ગહેરા' ખુબ જ પ્રસિધ્ધ થયું. એ દરમિયાન 'નવનીત સમર્પણ' માટે મારી પાસે મુલાકાતો લેવડાવવાની શરૂઆત કરાવી અને 'નવનીત સમર્પણ'મા જે ૨૫ મુલાકાતો પ્રગટ થઈ એનું મારું આ ચોથું પુસ્તક પ્રકાશિત થવા જઈ રહ્યું છે. મારા દરેક પુસ્તકનું શીર્ષક દીપકભાઈએ આપ્યું અને પ્રસ્તાવના પણ લખી આપી. હું હૃદયપૂર્વક દીપક દોશીનો ઋણી છું.

ભારતીય વિદ્યા ભવનના પગથિયે એક સાંજે શોભિત દેસાઈએ મને કહ્યું કે 'રાજીયા તારા 'મરમ ગહેરા'ના પ્રસંગોનો ઉલ્લેખ મોરારિબાપુ પોતાની કથામાં તારા નામ સાથે કરે છે.' મેં દીપકભાઈ સાથે વાત કરી અને એ સમયે 'મરમ ગહેરા' ના ત્રીસેક પ્રસંગોનું નાનકડું પુસ્તક પ્રકાશિત થઈ રહ્યું હતું અને એ માટે બાપુ પુસ્તક વિશે લખી આપે એવું સૂચન કરવા બાપુને પત્ર લખવા દીપકભાઈએ મને કહ્યું અને મેં પત્ર લખ્યો અને થોડા દિવસ પછી મને ફોન આવ્યો કે 'હું મહુવાથી મોરારિબાપુ બોલું છું.' મારા માનવામાં જ ન આવ્યું પણ ખરેખર બાપુ જ વાત કરી રહ્યા હતા. મેં તેમને પુસ્તક વિશે લખી આપવાની વિનંતી કરી અને એમણે સ્વીકારી લીધી. આ રીતે બાપુ સાથે લાગણીનો સંબંધ બંધાયો. બાપુએ મને મહુવા આવવા કહ્યું એટલે દીપકભાઈએ કહ્યું કે

જાઓ છો તો બાપુની મુલાકાત પણ લેતા આવજો. તે પછી કોઈ પ્રોગ્રામ માટે બાપુ ભારતીય વિદ્યા ભવન ખાતે આવ્યા અને 'નવનીત સમર્પણ'ની ઓફીસે પધાર્યા. તે સમયે મુન્શીજીના દીકરા ગિરીશભાઈ જીવિત હતા, તેમણે બાપુને ઘરે પગલાં કરવા વિનંતી કરી એટલે બાપુએ કહ્યું કે "મુન્શીજીનુ ઘર એટલે મારા માટે મંદિરથી જરાય ઓછું નથી... ચાલો.." અને બાપુ સાથે હું અને દીપકભાઈ પણ મુન્શીજીના ઘરે ગયા. આ રીતે બાપુનો ભારતીય વિદ્યા ભવન સાથે સંબંધ બંધાયો.

'નવનીત સમર્પણ'ના ૫૦ વર્ષની ઉજવણી નિમિત્તે પણ બાપુ પધાર્યા અને તે સમયે ભવનને કથા અર્પણ કરવાની બાપુએ જાહેરાત કરી. 'મરમ ગહેરા'નું વિમોચન કરવા પણ બાપુ ભારતીય વિદ્યા ભવન પધાર્યા હતા. મારી દરેક પ્રવૃત્તિને બાપુએ પ્રોત્સાહન આપ્યું છે, બિરદાવી છે.

કહેવત છે કે 'ગામમાં ઘર નહિ ને સીમમાં ખેતર નહિ' આ મને એટલે લાગું પડે છે કે મારૂં મૂળ વતન મહુવા છે પણ અમારું ત્યાં કઈ છે નહિ. ઘણી વખત મહુવા જવાનું બન્યું છે પણ ૨૦૦૫મા બાપુનો ઈન્ટરવ્યુ કર્યો ત્યારથી જ્યારે મહુવા ગયો છું ત્યારે કૈલાસ ગુરૂકુળ ખાતે રહ્યો છું અને ત્યાં અનેકવાર આદરણીયશ્રી જયદેવભાઈ માંકડ સાથે બાપુ વિષે, બાપુના કાર્ય વિશે ઘણી વાતો થઈ છે. બાપુ અને તેમના કાર્યને નતમસ્તક થઈ જયદેવભાઈ ચૂપચાપ પ્રેમપૂર્વક પોતાનું કામ કર્યે જાય છે. આટલી જવાબદારીઓ અને વ્યસ્તતા છતાંયે હંમેશા તેમણે મીઠો આવકાર આપ્યો છે. સૂર અને શબ્દ સાથે તેમની ઘનિષ્ઠતા અને સમજ અનેકવાર મેં અનુભવી છે. અહીં તેમનો ઉલ્લેખ કરી હું તેમનો ઋણસ્વીકાર કરૂં છું.

આ પુસ્તકમાં જયશ્રીદીદીની મુલાકાત લેવા મારો મિત્ર નિર્મલ ઠક્કર મારી સાથે આવ્યો હતો એટલે તેનો આભાર વ્યક્ત કરું છું.

મારા મિત્ર સુરેશ જોષીએ શુભા જોશી સાથે વાત કરીને મારી મુલાકાત કરાવી તે બદલ આભાર વ્યક્ત કરું છું.

રાજકોટ સ્થિત મારો મિત્ર મનોજ જોશી મને ભીખુદાન ગઢવીની મુલાકાત લેવા જૂનાગઢ લઈ ગયો તે બદલ આભાર વ્યક્ત કરું છું.

મારી બેસ્ટ ફ્રેન્ડ અને પત્ની ખ્યાતિ જેણે આ દરેક મુલાકાતોને બારીકાઈથી

જોઈ સૂચનો કર્યા તે માટે તેનો આભાર માનીશ એ તેને નહીં ગમે એટલે મને ખ્યાતિ મળી એ માટે ઈશ્વરનો આભાર માનું છું.

'નવનીત સમર્પણ'માં દીપકભાઈના સહાયક યોગેશ પટેલે બધા જ જુના અંકો શોધી આપ્યા એ બદલ આભાર વ્યક્ત કરું છું.

અને છેલ્લે ઝેન ઓપસે મારી અપેક્ષા કરતાં પણ આ પુસ્તકને વધુ સરસ માવજત કરી આપની સમક્ષ મૂક્યું એટલે એમનો વિશેષ આભાર વ્યક્ત કરું છું.

**– રાજુ દવેના વંદન**

# શ્રી નિરંજન રાજ્યગુરુ



શ્રી નિરંજન રાજ્યગુરુ

**પ્ર. આજના સંદર્ભે ભજનસાહિત્યના અંત વિશે તમારું શું કહેવું છે? એની પ્રસ્તુતતા કેટલી? ભજનસાહિત્ય આજની પેઢી સુધી શા માટે પહોંચવું જોઈએ?**

ઉ. ભજન એ આપણા પારંપરિક સાહિત્યનો પ્રકાર છે, સ્વરૂપ છે. છેલ્લાં ૫૦૦ વર્ષથી આપણા ગુજરાતમાં ભજનસાહિત્ય ગવાતું આવે છે. નરસિંહ મહેતા પણ 'ભોર થયા લગ ભજન કીધું' એમ ગાતા હોય તો આપણે નરસિંહ મહેતાને આદિ કવિ કહીએ છીએ, પણ એમણે પણ પરંપરાગત, લોકસમુદાય પાસેથી સચવાયેલી સામગ્રી વિષયવસ્તુરૂપે, ઢાળ, તાલ, ઢંગ કે તેના ગમે તે સ્વરૂપે લીધી, એ પરંપરા નરસિંહે પણ સ્વીકારી છે. એટલે આપણે ત્યાં ત્યારથી આજ સુધી જીવંત રહેલો આ સાહિત્યપ્રકાર ગામડાની તળ ભોમકામાં પાંગરતો આવ્યો છે, વિકસતો આવ્યો છે અને લોકહૈયામાં સચવાતો આવ્યો છે. ગામડાની કોઈ ભજનમંડળી એવી નહીં હોય જ્યાં નરસિંહ, મીરાંનાં પદો ગવાતાં ન હોય. છેવટે રાસ-રાસડા રૂપે કે પછી ગરબા, કીર્તન કે ભજનરૂપે પણ ગવાતાં હોય. આપણે ત્યાં સૂર્યોદય, મંગળા આરતીથી શરૂ કરીને શયન આરતી સુધી જે ગવાય એ પદ્ય પ્રકારને આપણે પદ કહીએ છીએ. જ્યારે ભજન એ સ્વરૂપ એવું છે કે જે સાયંકાળથી શરૂ થાય અને સૂર્યોદય સુધી ચાલે. ભજનમાં જીવન શું છે? માયા શું છે? જગત શું છે? તેની વાત તો આવે જ છે, પણ સાંપ્રત સમયમાં તમારે કેમ જીવવું? શું કરવું કે શું ન કરવું? દા. ત. કોઈ સંત ગાતા હોય કે

*'એવા દોરંગા ભેળા રે નવ બેસીએ,*
*એ જી એમાં પત પોતાની જાય.'*

જે વ્યક્તિ કાંચીડાની જેમ વારંવાર રંગ બદલતી હોય તેનો સંગ ન કરવો. અધ્યાત્મના પથમાં તમારે જ્યારે આગળ વધવાનું છે, ત્યારે કોઈ પણ ગુરુ કે માર્ગદર્શક પહેલી શીખ એ આપે છે કે શું કરવું જોઈએ અને શું ન કરવું જોઈએ. કોઈ પણ મનુષ્યને માટે સર્વકાલીન સનાતન સત્ય હોય તો એ છે કે એણે જીવનનું લક્ષ્ય, ધ્યેય નક્કી કર્યા પછી શું કરવું અને શું ન કરવું એ સદ્‌ગુરુ સમજાવે છે. તેનાં બંધન અને વિધિ-નિષેધ આપણે પાળવાં જોઈએ. એ આપણને ભજન સમજાવે છે. સમાજમાં દરેક પ્રકારના લોકો વસે છે, એમાંથી કોની સાથે કેવો વહેવાર કરવો તે અને જીવન જીવવાની શીખ આપણને અનાયાસે ભજન આપે છે.